**:- આંક-૦૧ લગત હુકમ :-**

આ કામે ફરીયાદી ધ્વારા આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે ફરીયાદ દાખલ કરતાં આ કામના આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઇશ્યું કરતાં આરોપીને આજદિન સુધી પ્રોસેસ ની અસરકારક બજવણી થયેલ નથી અને આરોપીને ઈસ્યુ કરેલ પ્રોસેસ તેઓ જણાવેલ સરનામે રહેતા ન હોવાના શેરા સાથે પરત ફરેલ છે. વધુમાં રેકર્ડ જોતા કેસ ઘણો જુનો છે અને ફરીયાદી તથા ફરીયાદીના વિ.વ.શ્રી અદાલત સમક્ષ હાજર રહી આરોપીને પ્રોસેસની બજવણી માટે કોઇ રસ દાખવેલ નથી. આ કામના ફરીયાદી દ્વારા તા.૩૦/૦૪/૨૦૨૪ ના રોજ આંક-૧૫ થી તથા તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ આંક-૧૮ થી અરજી રજુ કરી આરોપીનું નવું સરનામું રજુ કરવામાં આવેલ જે સરનામે પ્રોસેસ ઇસ્યુ કરી સદર પ્રોસેસ અનુક્રમે આંક-૧૬ તથા આંક-૧૯ થી આરોપી જણાવેલ સરનામે રહેતાં ન હોવાના શેરા સાથે પરત ફરેલ. ત્યારબાદ આ કામના ફરીયાદી અને તેઓના વિ.વકીલશ્રી અદાલત સમક્ષ હાજર રહેતા નથી કે આરોપીનું કોઈ નવું સરનામું રજુ કરેલ નથી. આજરોજ ફરીયાદીની વારંવાર પોકાર કરવા છતાં ફરીયાદી પોતે જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે આરોપીને પ્રોસેસ ની બજવણી માટે કોઇ કાર્યવાહી કરેલ નથી. આ સંજોગોમાં ફરીયાદીને હાલની ફરીયાદ આગળ ચલાવવામાં કોઇ રસ હોય તેવું જણાતું ન હોય, ફોજદારી કાર્યરીતિ સંહિતા-૧૯૭૩ ની કલમ-૨૫૬ માં કરવામાં આવેલ જોગવાઇ ધ્યાને લેતાં હાલની ફરીયાદ આગળ ચલાવવી ન્યાયોચીત જણાતું ન હોય, ફરીયાદીની ફરીયાદ તેના કસુરના કારણે રદ યાને (ડીસમીસ ફોર ડીફોલ્ટ) કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૩ ના રોજ, માહે–:: એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

જામનગર

તા.૦૩/૦૪/૨૦૨૬

**(ભાસ્કરકુમાર રામેશ્વરપ્રસાદ દવે)**
ચોથા એડી. સીની. સિવિલ જજ અને
એડી. ચીફ જ્યુડી. મેજી. જામનગર.
**CODE NO.GJ 01073**

KMK(DIRECT)